# || ૐ શ્રી સાઈ રામ ||

## || ૐ શ્રી સાઈ સર્વાન્તર્યામીને નમ: || (૧૪)

## સર્વનું અંતરંગ જાણવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

## તે બધાના હૃદયમાં વાસ કરે છે.

શ્રી સત્ય સાઈ બાબા પ્રત્યક્ષ પરમેશ્વર હોવાથી સર્વજ્ઞત્વ, સર્વ શક્તિમત્વ ને સર્વાસ્તિત્વ, આ ગુણ અવતાર વગર કોઈનામાં નથી મળતા. એવા તે બધા ગુણ સ્વામીમાં મળે છે. ભક્તોના હૃદયમાં વાસ કરવાવાળા સ્વામીને ‘સર્વજ્ઞત્વ’ આ ગુણ વિશેષને લીધે અન્યના અંતરંગના ભાવ જાણવાનું શક્ય છે.

એટલે જ આપણે જ્યારે અત્યંત તીવ્રતાથી પ્રાર્થના કરીએ છીએ, ત્યારે તેનો પ્રતિસાદ આપે છે. આપણને માર્ગદર્શન કરે છે, રક્ષા કરે છે, આપણા મનમાં આવવાવાળા ખરાબ વિચારો દૂર કરે છે, એટલું જ નહીં, પણ ભક્તોના મનમાં ચાલી રહેલા ઊંડા વિચારો તેમજ ભાવનાઓ વિશે પણ સ્વામી બધું જ જાણે છે.

ભગવાન બાબાના સર્વાન્તર્યામિત્વ વિશે માહિતી આપવાવાળી આ એક કથા-ડાયના બૅસ્કિન નામની એક અમેરિકન મહિલા ભક્ત સ્વામીનાં દર્શન માટે તેના પતિ અને બાળકોને લઈને પટ્ટપતિ આવવા નીકળી, પરંતુ વિમાનમાં બેસતા સુધી તેના મનમાં સતત ચિંતા હતી કે સ્વામીના દર્શન માટે પટ્ટપર્તિ આવવા નીકળેલા તેના પતિ જોએલના મનની અનિશ્ચિતતા, તેનું મન સ્વામી પાસે જવા માટે તૈયાર નહોતું. પરંતુ, છેલ્લે તે પણ નીકળ્યો, ત્યારે ડાયના નિશ્ચિત થઈ.

આશ્રમમાં આવ્યા પછી તેમની રહેવાની વ્યવસ્થા થઈ હતી કારણ કે ડાયનાની માતા એક મહિના પહેલાં જ ત્યાં પહોંચી હતી. પરંતુ, જોએલને એક સમસ્યા સતાવતી હતી તે એના ધૂમ્રપાનની. આશ્રમમાં કોઈપણ વ્યસન માટે પરવાનગી નથી એટલે તે આશ્રમની હદ બહાર ડુંગર પર ડાયના સાથે ગયો અને ત્યાં એણે ધૂમ્રપાન કર્યું. ત્યાંના ડુંગર પરથી દૂર સુધીનું સૃષ્ટિસૌંદર્ય નિહાળતા નિહાળતા અચાનક આકાશ તરફ જોઈ ને જોએલે બૂમ મારી -“ જુઓ, જુઓ પેલું મેઘધનુષ!” ડાયનાએ આકાશ તરફ જોયું તો ત્યાં એક સુંદર મેઘધનુષ દેખાતું હતું. જે કાયમ દેખાતા મેઘધનુષ કરતા અલગ હતું. એટલે તે વક્રાકારને બદલે સીધું હતું. થોડીવારમાં જ એ અલોપ થયું. ત્યાર પછી જોએલ ઉત્તેજીત સ્વરમાં બોલવા લાગ્યો તને યાદ છે “ મને સાઈબાબાએ મેઘધનુષ બતાવવું એવી મારી ઇચ્છા હતી અને આ ઈચ્છા ફક્ત જોએલ, ડાયના અને લોસએંજલિસના તેમના મિત્ર પરિવારને જ ખબર હતી એવી તેની સમજ હતી. પરંતુ, સર્વાંતર્યામી સ્વામીથી આ વાત ક્યાં છૂપી હતી?

જ્યારે તે બને આશ્રમમાં પાછા આવ્યા ત્યારે કસ્તુરીએ ‘ તમને બન્નેને સ્વામીએ આવતી કાલે સવારે મુલાકાત માટે બોલાવ્યા છે", એવા શબ્દોમાં તેમનું સ્વાગત કર્યું. તે પ્રમાણે બીજે દિવસે તે મુલાકાત કક્ષમાં હાજર થયા. ઉપરના માળેથી સ્વામીનું આગમન થયું. દાદર ઉતરીને આવતા જ, મોટેથી અને હસતાં  હસતાં સ્વામીએ જોએલને બોલ્યા, “ કેમ, કેવું લાગ્યું મારું મેઘધનુષ!” અને અતિ પ્રેમથી તેની પીઠ પર થાપ મારી.

જોએલના મુખમાંથી શબ્દ બહાર આવતા નહોતા, અને આંખોમાંથી અશ્રુ વહેતા હતા. જ્યારે ડાયનાની આંખમાંથી અશ્રુ અને અપરાધભાવ જાગૃત થયો હતો. એનું કારણ એવું હતું કે, જ્યારે ડાયના જોએલને સ્વામીના દર્શન માટે આવવાની વિનવણી કરતી હતી ત્યારે તેણે એક શરત મૂકી હતી. તે એ હતી કે સ્વામી જે મને મેઘધનુષ બતાવે તો જ હું તેમનાં દર્શન લઈશ. સર્વના અંતરંગમાં વાસ કરવાવાળા સ્વામીએ આ જાણીને તેની ઇચ્છા પૂર્ણ કરી હતી.

મુલાકાત માટે જ્યારે સ્વામી આસનસ્થ થયા તથા બધા તેમની આજુબાજુ બેઠા, ત્યાં જોએલ સૌથી આગળ સ્વામીની પાસે બેઠો હતો. જ્યારે સ્વામીએ ડાયનાને તેની નાની બેબીની તબિયત વિશે પૂછપરછ કરી ત્યારે તે બોલી, ‘તેને શરદી અને પેટની તકલીફ છે", આ સાંભળીને સ્વામીએ પોતાની કફનીનો હાથ ઉપર કર્યો અને ચક્રાકાર ફેરવતાં એક તાજું અંજીર ઉદ્દભવ કર્યું અને તેને ખાવા માટે આપ્યું. મુલાકાત ખૂબ જ આનંદદાયક થઈ. બધા બહાર આવ્યા ત્યારે જોએલ બહારના શાકભાજી, ફળની દુકાન તરફ વળ્યો ત્યાં તેણે અંજીર વિશે પૂછપરછ કરી ત્યારે તેને ઉત્તર મળ્યો, “હમણાં અંજીરની મોસમ નથી ત્યારે અહીંયાં જ શું પણ સંપૂર્ણ દક્ષિણ ભારતમાં તમને અંજીર મળશે નહીં. "

શું કારણ હશે, સ્વામીએ તે બેબીને અંજીર ઉદ્ભવ કરીને આપવાનું તેમણે તે આપ્યું એના થોડા ક્ષણ પહેલાં જ જોએલનાં મનમાં વિચાર આવ્યો હતો. વિભૂતિ ઉદ્ભવ કરવાવાળા સ્વામી ફળ ઉદ્ભવ કરી શકશે કે? અને સર્વાંતર્યામી સ્વામીએ આ જાણીને ક્ષણભરમાં જ ત્યારે ક્યાંય ઉપલબ્ધ થાય નહીં એવું એક તાજું અંજીર ઉદ્ભવ કરી આપ્યું.

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||